# પર્યાવરણનું સંરક્ષણ કરવા માટે કામ કરવું

# સ્ટોર્મવોટર પોન્ડની (વરસાદી પાણીથી ભરાતા તળાવની) જાળવણી

## સ્ટોર્મવોટર જાળવવામાં તમારા ડોલર્સ ખર્ચાય છે

વધુ માહિતી માટે, વેબસાઇટ જુઓ
**brampton.ca/stormwater**

આ પ્રોજેક્ટ પર વધુ માહિતી માટે પબ્લિક વર્ક્સ ઍન્ડ એન્જીનીયરિંગ ડિપાર્ટમેન્ટને કૉલ કરો,

**3-1-1**

BRAMPTON

# સ્ટોર્મવોટર પોન્ડ્સ (વરસાદી પાણીથી ભરાતા તળાવ) કેવી રીતે કારગર રહે છે ?

સ્ટોર્મવોટર, જેને રનઓફ (વરસાદી પાણીનું વહેણ) પણ કહેવામાં આવે છે, તે આપણી મિલકતોમાંથી આપણી સ્ટ્રીટ્સ પર અને સીટીની સ્ટોર્મવોટર ડ્રેનેજ સિસ્ટમમાં વહેતું વરસાદનું પાણી અને પીગળેલો બરફ હોય છે.

સ્ટોર્મવોટર ડ્રેનેજ સિસ્ટમ દ્વારા એકત્રિત કરાતું વહેતું પાણી (રનઓફ) કાં તો સીધેસીધું નદીમાં અથવા તો પ્રવાહમાં, અથવા સ્ટોર્મવોટર પોન્ડમાં એકઠું થાય છે.

સ્ટોર્મવોટર પોન્ડનું બાંધકામ વહેતું પાણી મેળવીને તેને હંગામી ધોરણે સંઘરવા માટે થાય છે. તળાવમાંનું પાણી પછી સમય વિતવાની સાથે ધીમે ધીમે છોડવામાં આવે છે જેથી કરીને તે પૂર આવવાનું કે ધોવાણ થવાનું કારણ ના બને.

સ્ટોર્મવોટર રનઓફમાં (વરસાદી પાણીના વહેણમાં) વહીને આવતા દૂષિત પદાર્થો તળાવના તળિયે જમા થઇને, સ્થાનિક ખાડીઓ અને નદીઓનું સંરક્ષણ કરવામાં પણ સ્ટોર્મવોટર પોન્ડ્સ મદદરૂપ થાય છે, જેનાથી વધારે સાફ પાણી પર્યાવરણમાં છોડવામાં આવે છે.

તળાવની જાળવણી (સફાઇ)માં તળાવના તળિયે ભેગા થયેલા દૂષિત પદાર્થો કાઢી નાખવાનું સામેલ છે જેથી કરીને તળાવથી સ્થાનિક ખાડીઓ અને નદીઓને સંરક્ષણ મળવાનું ચાલુ રહેશે.

આ પ્રકારની સફાઇ દર **5** થી **15** વર્ષે એક વખત થાય છે જે એક ચોક્કસ તળાવમાં કાંપ કેટલી ઝડપથી એકત્રિત થાય છે તેની પર આધાર રાખે છે.